જુલાઈ ૦૨/૨૬૨૫

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા

# સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨ ]     (રવિવાર, ૭ જુલાઈ, ૨૦૦૨)     [ કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના)**

**પ્ર.૧ નીચેના કોઈપણ બે વિષયો વિષે શાસ્ત્રનાં ત્રણ પ્રમાણ આપો. ૬**

૧. ઉપાસનાનું મહત્ત્વ
૨. નિરાકાર સમજવાથી ખોટ
૩. સર્વોપરીપણાની નિષ્ઠા આવશ્યક
૪. અક્ષરબ્રહ્મ એક અને અદ્વિતીય

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો. ૫**

૧. એવા ધામની આગળ બીજાં, શી ગણતીમાં ગણાય રે....
૨. આ પ્રત્યક્ષ ભગવાન ને આ પ્રત્યક્ષ સંત તેની ઓળખાણ જો ન હોય તો તે ખીજડા જેવો છે.
૩. નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રય-વિલક્ષણમ્ ।
વિભાવ્ય તેન કર્તવ્યા ભક્તિઃ કૃષ્ણસ્ય સર્વદા ॥
૪. તેમ દેશ, કાળ, કર્મ, માયા તેનું ઈશ્વર ચાલવા દે તેટલું ચાલે પણ પરમેશ્વરના ગમતા બહાર અણુમાત્ર પણ ન ચાલે.
૫. જેમ ધામની મૂર્તિ ગુણાતીત છે, તેમ જ મનુષ્યમૂર્તિ પણ ગુણાતીત છે.

**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો. ૪**

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગુણાતીત સંતનો મહિમા પરમહંસોનાં પદોમાં
(અ) એવા સંત જમે જમ્યા શ્યામ જમ્યા સહુ દેવતા.





(બ) લક્ષ્મીજી અર્ધાંગના મારી, એ મારા સંતની દાસી રે.
(ક) જડબુદ્ધિ જીવ પ્રભુપદને ઇચ્છે તો કર સંતનું પારખું.
(ડ) બ્રહ્માનંદ કહે સંતકી સોબત, મિલત હૈ પ્રગટ મુરારી.

૨. બ્રહ્મરૂપ થવાની આવશ્યક્તા શા માટે છે ?
(અ) પુરષોત્તમની ભક્તિના અધિકારી થવા માટે.
(બ) નિર્વિઘ્ન ભક્તિ માટે.
(ક) આત્યંતિક મુક્તિ માટે.
(ડ) પરબ્રહ્મની તત્ત્વે સહિત ઓળખાણ માટે.

**પ્ર.૪ નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (બારેક લીટીમાં) ૪**

૧. શીતળદાસ વ્યાપકાનંદ બન્યા.
૨. વડતાલમાં ગુણાતીતાનંદ સ્વામીએ કરેલી માંદા સાધુની સેવા.
૩. કબૂતરના કબૂતર રહ્યા.

**પ્ર.૫ કોઈપણ બે વિષે વિવરણ લખો. (બારેક લીટીમાં) ૮**

૧. ભગવાનમાં મનુષ્યભાવ પરઠે તો ખોટ.
૨. પ્રગટને ઓળખવા એ જ જ્ઞાન.
૩. સર્વ કર્તા-હર્તા શ્રીજીમહારાજ.
૪. ઉત્પત્તિસર્ગ

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં) ૮**

૧. શાસ્ત્રીજી મહારાજ ભગવાનનું પ્રગટ સ્વરૂપ હોવા છતાં પણ કહેતા કે આપણે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ.
૨. રાવણ કે શૂર્પણખા જેવાં ભક્ત ન થવું પણ વિભીષણ જેવા ભક્ત થવું.
૩. ભગવાન અને સંતને દિવ્ય સમજવા આવશ્યક અને અનિવાર્ય છે.
૪. પર્વતભાઈએ સ્વરૂપાનંદ સ્વામીને દાદાખાચરના દરબારનાં નળિયાંનું ધ્યાન કરવાનું કહ્યું.

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેના વાક્યની પૂર્તિ કરો. ૮**

**(ઉપાસનામાં શું સમજવું ?)**

૧. ધામમાં જે પરબ્રહ્મનું સ્વરૂપ છે ... ... ... ... તે જ આ શ્રીજીમહારાજ છે.
૨. અક્ષરબ્રહ્મ એક જ છે ... ... ... ... ... નિત્ય સેવક રૂપે રહે છે.

૩. સગુણપણું અને નિર્ગુણપણું ... ... ... ... ... અતિશય સૂક્ષ્મ છે.

૪. અક્ષરબ્રહ્મના સાધર્મ્યને પામેલા ... ... ... ... આત્યંતિક પ્રલયને અંતે પણ રહે છે.

૫. આવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ ... ... ... ... ભક્તિનો અધિકારી થાય છે.

**(ઉપાસનામાં શું ન સમજવું ?)**

૧. ભગવાન પૃથ્વી પર ... ... ... ... હોતા નથી તેમ ન સમજવું.

૨. મૂર્તિમાન અક્ષરબ્રહ્મ ... ... ... ... તેજ છે, તેમ ન સમજવું.

૩. શ્રીજીમહારાજની ચાખડી ... ... ... ... તેમ ન સમજવું.

પ્ર.૮ સ્વામિનારાયણ એક જ શબ્દ છે. તેની સ્વામી અને નારાયણ વ્યુત્પત્તિ શું સંભવિત છે ? **૫**

**(વિભાગ-૨ સત્સંગ વાચનમાળા ભાગ-૩ તથા પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ)**

**પ્ર.૯ નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ‘આ મૂર્તિ મૂકીને રોટલો શું ભાવે ?’

૨. ‘અમે સ્વામિનારાયણના સાધુ છીએ.’

૩. ‘આ તો મહારાજના જેવું સ્વરૂપ છે, એટલે નારાયણસ્વરૂપદાસ નામ રાખો.’

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં)** ૬

૧. ઈડરના રાજાએ બ્રાહ્મણોનો કરવેરો માફ કર્યો.

૨. નિષ્કુળાનંદ સ્વામીએ ‘પુરુષોત્તમ ચરિત્ર’ નામનો ગ્રંથ લખ્યો.

૩. અરદેશરજીને રઘુવીરજી મહારાજનો મહિમા સમજાયો.

૪. વ્યારાનો ‘પ્રજાપતિ મહોલ્લો’ સત્સંગના રંગે રંગાઈ ગયો.

**પ્ર.૧૧ નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. વડોદરાના વિષ્ણુયાગમાં ગોપાળાનંદ સ્વામી. **અથવા**
શિવલાલ શેઠની મુમુક્ષુતા

૨. પ્રમુખસ્વામી મહારાજનો સમર્પણભાવ **અથવા**
પ્રમુખસ્વામી મહારાજનું પ્રેરક વિદ્યાર્થીજીવન (કોઈપણ ત્રણ પ્રસંગો)

**પ્ર.૧૨ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. ગોપાળાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પોતાની કઈ વિશિષ્ટતા જણાવી ?

૨. નિષ્કુળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી સમાગમ કરવા માટે ક્યાં ભેગા થતા હતા ?





૩. કુશળકુંવરબાએ મહારાજને કઈ ભેટ મોકલી ?

૪. મહારાજે પર્વતભાઈનો વરાહ અવતાર જોવાનો સંકલ્પ કેવી રીતે પૂર્ણ કર્યો ?

૫. રઘુવીરજી મહારાજે માંદા સાધુ માટે શું સેવા કરી ?

૬. પ્રમુખસ્વામી મહારાજનો સુવર્ણતુલા ઉત્સવ ક્યાં અને ક્યારે ઉજવાયો ?

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** ૬

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. મુક્તાનંદ સ્વામીએ સ્ત્રીઓ માટે કયા ગ્રંથ રચ્યા છે ?

(અ) ઉદ્ધવ ગીતા (બ) રૂક્ષ્મણિ વિવાહ

(ક) સતી ગીતા (ડ) મુકુંદબાવની

૨. શિવલાલ શેઠે કયા પરમહંસોનો સમાગમ કર્યો હતો ?

(અ) ગોપાળાનંદ સ્વામી (બ) મુક્તાનંદ સ્વામી

(ક) ગુણાતીતાનંદ સ્વામી (ડ) ભાયાત્માનંદ સ્વામી

૩. પ્રમુખસ્વામી મહારાજને પાર્ષદી અને ભાગવતી દીક્ષા ક્યાં અપાઈ હતી ?

(અ) બોચાસણ (બ) અમદાવાદ

(ક) સારંગપુર (ડ) ગોંડલ

**(વિભાગ - ૩ નિબંધ)**

**પ્ર.૧૪ નીચેના કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** ૨૦

૧. પ્રમુખસ્વામી મહારાજની શ્રીહરિ સાથેની તન્મયતા

૨. ઘોર અંધકારમાં ચારિત્ર્યના દીપકો - સ્વામીશ્રીના આશ્રિતો

૩. સહજાનંદી સમાજકાર્ય સ્વામીશ્રી દ્વારા આજે પણ જીવંત છે.

❀ ❀ ❀